# લખો તો મને વાંચવા મોકલજો

મારું અવતરણ ગાંડી ગીરમાં ડુંગરા, ટેકરા અને નદીયું-વોકળાની વચ્ચે થયેલું એટલે મને બાળપણથી જ આ બધાનું ભારે આકર્ષણ. મેં મારાં નિબંધમાં પણ આ અંગે લખ્યું છે. પહેલાં તો નિબંધ વિશેની મારી સમજ એટલે શાળા અને હાઇસ્કુલમાં જે પરીક્ષામાં પૂછાતો ગાય, વર્ષાઋતુ અને તૂટેલા સિક્કાની આત્મકથા, બસ એવું કૈંક જ.

પહેલી વખત જી-સેટની પરીક્ષા આપવા ભાવનગર ગયેલી ત્યારે મહેન્દ્રસિંહ પરમારસાહેબને રૂબરૂ મળેલી. એમણે મને સહજતાથી પૂછ્યું કે કંઈ લખો છો? લખો તો મને વાંચવા મોકલજો. બસ આ એક જ પ્રશ્ને મને નિબંધ લખતી કરી. એ દિવસ ૨૮ નવેમ્બર ૨૦૨૩નો. એ જ દિવસે ઘરે જઈને થોડું લખેલું ત્યારે સાહિત્ય સ્વરૂપ વિશે તો કંઈ જાજી સમજ હતી નહીં. અને અત્યારે છે એવું પણ ન કહી શકાય અને પછી એ લખાણ સાથી મિત્ર ડૉ. વીરેન પંડ્યાને બતાવેલું. એમણે કહ્યું, સરસ નિબંધ લખ્યો છે. કોઈ સામયિકમાં મોકલજો.

નિબંધનું નામ પડતાં જ તરત ‘શ્રી જનક ત્રિવેદી નિબંધ સ્પર્ધા’ની જાહેરાતની પોસ્ટ સાચવીને રાખેલી એ કાઢી અને બીજે દિવસે જ મોકલી આપેલો. જ્યારે સ્પર્ધાનું પરિણામ આવ્યું ત્યારે નિર્ણાયક શ્રી અજયભાઈ રાવલે મારો પ્રથમ નિબંધ રા’નાળો નોંધપાત્ર નિબંધ તરીકે નિબંધન-1માં પસંદ કરેલો. ત્યારથી મારી આ નિબંધયાત્રાની સફર શરુ થયેલી.

‘રા’નાળો’ નિબંધ વાંચીને ઘણાં બધાંના શુભકામનાઓ પાઠવવા માટે ફોન આવે. ‘રા’નાળો’ નિબંધ ખૂબ પોંખાયો એ વાંચીને મહેન્દ્રસિંહ પરમારસાહેબ શુભકામનાઓ પાઠવે, માવજીભાઈ મહેશ્વરીનો ફોન આવે, વિજય પંડ્યા વધામણી આપે, ગોરધનભાઈ ભેંસાણીયા ફોનમાં સરસ નિબંધ લખ્યાનો રાજીપો વ્યક્ત કરે આનાથી વિશેષ પુરસ્કાર નવા નિશાળિયા માટે શું હોઈ શકે?

‘રા’નાળો’ નિબંધ લખ્યા પછી હું જ્યારે મહેન્દ્રભાઈને મળી ત્યારે મેં એમને કહેલું આવું તો સર મેં ઘણું અનુભવ્યું છે. ત્યારે સાહેબે મને શ્રેણી બનાવવા

કહેલું અને એ શ્રેણીમાં 'અમારાં કદી ત્યાં પગલાં થયાં 'તા' એ નિબંધ લખાયેલો જે નિબંધન ૨૦૨૪ના એટલે કે નિબંધન-2 પુસ્તકમાં સમાવિષ્ટ થયેલો.

ત્યાર પછી લેખિની સામયિક દ્વારા ધીરુબેન પટેલની સ્મૃતિમાં યોજાયેલી નિબંધ સ્પર્ધામાં એક વિષય આપ્યો હતો, 'જિંદગી ન મિલેગી દુબારા' અને એમાં પણ જાણીતા નિબંધકાર મણિલાલ હ. પટેલે મારા નિબંધને પ્રથમ નંબરે વિજેતા જાહેર કરેલો. પછી તો ધીમે ધીમે કરતાં મારી નિબંધયાત્રા આગળ વધતી ગઈ અને ધૂળિયા મલકમાં વીતેલા બાળપણની એક પછી એક એમ યાદોની વણઝાર કાગળ પર આલેખાતી ગઈ.

'વઢીયાર સાહિત્ય સભા' દ્વારા એક નિબંધ સ્પર્ધા નિમિત્તે 'બુઢાળું' નિબંધ લખાયો અને નિર્ણાયક શ્રી અજયભાઈ સોનીએ પણ મારા નિબંધને પ્રથમ વિજેતા જાહેર કરેલો. મારા આ બુઢાળું નિબંધને ડૉ. નિસર્ગભાઈ આહિરે 'શબ્દસર' સામયિકમાં સ્થાન આપ્યું એનો પણ આનંદ છે. શ્રી જનક ત્રિવેદી નિબંધ સ્પર્ધામાં સતત ત્રણ વર્ષ સુધી મારા નિબંધ નોંધપાત્ર બન્યા અને નિબંધન પુસ્તકમાં સ્થાન પામ્યાં તેનો પણ ખૂબ આનંદ છે. મારો દરેક નિબંધ વાંચીને સરોજબા (સરોજબેન જનકભાઈ ત્રિવેદી)નો અચૂક ફોન આવે અને મારાં નિબંધો વિશે સુક્ષ્મ નિરીક્ષણ કરીને વાત કરે. એમનો પણ ખૂબ ફાળો છે મારા નિબંધ લેખનમાં. ધીરુબેન પટેલની સ્મૃતિમાં યોજાયેલ પ્રવાસનિબંધ સ્પર્ધામાં મારાં નિબંધ 'ભીલધારના ખોળે એક નીતરતી શ્રાવણી સાંજે' એ નિબંધને પુરસ્કાર મળ્યો છે જે લેખિનિ સામયિકમાં છપાયેલ છે.

મારા દરેક નિબંધને જે તે સ્પર્ધાની વધામણી મળ્યાંની ખુશી તો છે જ, સાથે સાથે એટલી જ ખુશી મારા દરેક નિબંધને મહેન્દ્રસિંહ પરમારસાહેબ દ્વારા મળેલાં પુરસ્કારની પણ છે. આદરણીય કિરીટભાઈ દુધાત મળે એટલે કહે હમણાં કંઈ લખાયું? નિબંધ લખો તો મોકલજો, કેટલા નિબંધ થયાં હવે ફાઇલ બનાવો અને સંગ્રહ કરો. એમની પ્રેરણાથી જ આ નિર્ણય લઈ શકાયો છે.

નિબંધન-૨૦૨૫ના પુસ્તક વિમોચન વખતે સાથી નિબંધકાર કલ્યાણ દેસાઈ મળ્યાં અને વાતમાંથી વાત નીકળી, એમણે મને કહ્યું તમારે તો હવે ઘણાં નિબંધો થયાં છે એક સંગ્રહ કરો. એમણે અને નરેશભાઈએ મને મયૂર ખાવડુ સાથે મેળવી આપી અને મયુરભાઈએ આ બીડું ઝડપીને મને પુસ્તક

પ્રકાશન અંગેની આખી પ્રક્રિયા સરસ રીતે સમજાવી. એમનો પણ ખૂબ મોટો ફાળો છે આ સંગ્રહ પ્રગટ કરવામાં.

સંગ્રહના મોટા ભાગનાં નિબંધ મેં તળપદી ભાષામાં લખ્યાં છે. આ નિબંધોમાં મારાં ધૂળિયા બાળપણની કેટલીક સ્મૃતિઓ ને બાળપણની કેટલીક એવી વાતોને લખી છે, જે તળપદી ભાષામાં જ વધારે સારી રીતે ઉઠાવ પામે છે. લોકબોલીમાં નિબંધ લખવાં પાછળનું મારું અંગત માનવું એવું છે કે ગીર ગામડામાં વીતેલા બાળપણની વાતો ગીરવિસ્તારની લોકબોલીમાં જ પ્રગટ થાય તો એ વધુ સારી રીતે રજૂ થઈ શકે. ઉપસી શકે.

'રા'નાળો' એ મારાં ગામની ઓળખ છે. આ ઓળખને મારી સાથે કાયમી જોડી રાખવા માટે મેં મારાં આ પ્રથમ નિબંધ સંગ્રહનું શીર્ષક રા'નાળો જ પસંદ કરેલું.

મારો પ્રથમ નિબંધ 'રા'નાળો' નિબંધન ૨૦૨૩માં સ્થાન પામેલો 'શબ્દસૃષ્ટિ'માં છપાયેલ છે, 'જિંદગી ન મિલેગી દુબારા' જે અહી મેં તેનું શીર્ષક બદલીને 'વીતેલા વખતની ગત ન્યારી' કર્યું છે. એ 'લેખિની' સામયિકમાં સ્થાન પામ્યો છે. 'બુઢાળું' નિસર્ગભાઈએ શબ્દસરમાં પસંદ કર્યો, 'મડદ' 'શબ્દસૃષ્ટિ'માં પસંદગી પામ્યો, 'ખીહર' નિબંધ કિરીટભાઈએ 'પરબ'માટે પસંદ કરેલો. 'ભીલધારના ખોળે એક નીતરતી શ્રાવણી સાંજે' એ 'લેખિની' સામયિકમાં પ્રગટ થયો. 'કાશીમાની રાતડી' નિબંધન ૨૦૨૫માં સ્થાન પામેલો. ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરીને એક નિબંધ લખેલો, 'નર્મદાને કાંઠે એક ચૈત્રી રમણીય રાત્રે' એ નિબંધ ગુજરાતી બુક ક્લબના ઈ-સામયિકમાં સ્થાન પામેલો. મારા જીવનમાં ઘણાં એવા સ્થળો, પાત્રો અનેક વૃક્ષો આવ્યા કે જેમણે મારા હૃદયમાં પોતાનું કાયમી સ્થાન બનાવી લીધું છે. એમાંનું એક વૃક્ષ એટલે જગ્યાની આમલી. આ નિબંધ લખતાં લખતાં હું એ વીતેલા બાળપણમાં ખોવાઈ ગયેલી. સ્થળો, વૃક્ષોની જેમ જુદી જુદી ઋતુઓએ પણ મને તેની તરફ આકર્ષી છે. 'વસતનું વળગણ' નિબંધમાં વસંતમાં અનુભવાતા ખાલીપણાને તેમજ પાનખરમાં ખરતાં પાંદડાને જોઈને મારા મનમાં ચાલતાં વિચાર વમળોને આલેખવાનો પ્રયાસ કર્યો છે. 'માણેકબા' ચરિત્ર નિબંધ નિમિતે મેં માણેકબાને મારી સ્મૃતિમંજૂષામાં કાયમી સમાવ્યાં છે. જૂના ઘરની

મેડી વિશે આજે પણ કોઈ વાત કરે તો એ વીતેલા દિવસો તરત તાજા થઈ આવે છે. મેડી વિશે નિબંધ લખીશ એ તો સ્વપ્નેય વિચાર્યું નહોતું. ધૂળિયા ગીર ગામડામાં નાના મોટા થયાં એટલે ગામડાની માયા હજી છૂટતી નથી. ગામમાં જ સિંહના રહેઠાણો એટલે એને રોજ રોજ જોવાની પણ ટેવ પડેલી એ બધાં અનુભવો 'ગાંડી ગર્યમાં હાવજ અને હું' માં આલેખ્યાં છે. જે નિબંધ 'અખંડઆનંદ' સામયિકમાં છપાયેલ છે. ગાડામાં જોડાતી જાન વિશેનો એક નિબંધ 'વેલડામાં જોડાતી લાખેણી જાન' એ લેખિનિ સામયિકમાં સ્થાન પામ્યો છે. બાળપણમાં મેળામાં જવાની એક અલગ મજા હતી. તુલસીશ્યામ મેળો ભરાય એ મેળામાં જવાની આતુરતા આખું વર્ષ રહેતી. એની મીઠી મધુરી યાદોને આ નિબંધમાં ઉતારી છે. રા'નાળો, ખજૂરીયાળું, બુઢાળું, વગેરે નિબંધો મારાં ગામનાં સ્થળવિશેષ નિબંધ છે. માણેકબા અને કાશીમાની રાતડી એ ચરિત્ર નિબંધ છે. 'ભીલધારના ખોળે : એક નીતરતી શ્રાવણી સાંજે' અને નર્મદાને કાંઠે. એ પ્રવાસ નિબંધો છે. ગામડાંમાં ઉતરાયણની ઉજવણી વિશે ખીહર નિબંધ લખાયો. શૈશવના સંસ્મરણોને નિબંધમાં આલેખ્યાં છે. આમ કુલ મળીને અઢાર નિબંધ થયાં. મારા આ ધૂળિયા મલકના સંભારણા આ રા'નાળા નિમિત્તે કાયમી થયાં તેનો હરખ આપ સૌની સાથે વહેંચું છું. આજથી મારો રાનાળો આપ સૌનો થયો. રા'નાળાને વધાવી લેજો.

**– સ્નેહલ ત્રિવેદી**

24-02-2026

# અનુક્રમણિકા


1. જગ્યાની આમલી- - - - - - - - - - - - - - - - - - - - - - - - 1
2. બુઢાળું - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - 6
3. માણેકબા - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - 12
4. ભીલધારના ખોળે એક નીતરતી શ્રાવણી સાંજે - - - - 18
5. મડદ - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - 24
6. વસંતનું વળગણ - - - - - - - - - - - - - - - - - - - - - - 29
7. વિતેલા વખતની ગત ન્યારી!- - - - - - - - - - - - - - - - 34
8. જૂના ઘરની મેડી... - - - - - - - - - - - - - - - - - - - - - 40
9. કાશીમાની રાતડી - - - - - - - - - - - - - - - - - - - - - - 46
10. નર્મદાને કાંઠેઃ એક ચૈત્રી રમણીય રાત્રે - - - - - - - - - 53
11. અમારાં કદી ત્યાં પગલાં થયાં’તા- - - - - - - - - - - - - 58
12. ઢોંસાની કમઠાણ- - - - - - - - - - - - - - - - - - - - - - 72
13. તુલસીશ્યામના મેળે...- - - - - - - - - - - - - - - - - - - - 78
14. વેલડામાં જોડાતી લાખેણી જાન - - - - - - - - - - - - - 84
15. ખજૂરીયાળુ - - - - - - - - - - - - - - - - - - - - - - - - - 90
16. ખીહર - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - 95
17. ગાંડી ગર્યમાં હાવજ અને હું- - - - - - - - - - - - - - - - 100
18. રા’નાળો- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - 106